ગ-માર્ગને સિકસલેન બનાવાની કામગીરી મહીનામાં પુર્ણ થશે

કોરોના કાળમાં એક વર્ષ સુધી કામ બંધ રહેતા ગ માર્ગનો પ્રોજેક્ટ અટવાયો હતો : શહેરના રોડ નં -૬ ના વાઇડનીંગનુ કામ પુર્ણ રોડ નં -૭ અને ગ માર્ગનુ કામ ચાલી રહ્યુ છે : ત્રણેય માર્ગને અનુલક્ષી અંદાજિત ૨૩૦ જેટલા વૃક્ષોની કટોતી માટે વનતંત્રને દરખાસ્ત જો કે હજુ વૃક્ષો કાપવાની મંજુરી મળી નથી

ગાંધીનગર તા ૧૦

શહેરના ગ માર્ગને સિકસલેન કરવાનુ કામ હાલ ચાલી રહ્યુ છે. શહેરમાં ગ માર્ગના વાઈડનીંગનુ કામ છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહ્યુ છે. આમછતા હજુ સુધી આ પ્રોજેકટનો અંત આવ્યો નથી. કોરોના કાળમાં છેલ્લા એક વર્ષથી આ પ્રોજેકટનુ કામ બંધ રહેતા ગ માર્ગનુ લાંબા સમયથી ઠેકાણુ પડયુ નથી. ગ માર્ગને વાઈડનીંગ કરવાની કામગીરી આખરી તબકકામાં ચાલી રહી છે. જયારે આ પ્રોજેકટને અનુલક્ષીને સેંકડો વૃક્ષો પણ રૂટમાં આવતા હોવાથી વનતંત્રને વૃક્ષોની કટોતી કરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. કોર્પોરેશન દ્વારા શહેરમાં ગ માર્ગ સહીત રોડ નં -૬, રોડ નં -૭ ના વાઈડનીંગનુ પણ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે અત્યાર સુધી રોડ નં -૬ ના વાઈડનીંગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે રોડ નં -૭ ને અનુલક્ષીને પણ કાચુ કામ કરવામાં આવી રહ્યુ છે. આ ચારેય માર્ગને અનુલક્ષી અંદાજિત કુલ ૩૬ કી મીના માર્ગનુ નવિનીકરણ કરવામાં આવશે. આ ચારેય માર્ગના રીસરફેસીંગ તેમજ વાઈડનીંગની કામગીરીને અનુલક્ષીને અંદાજિત રૂ ૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે જેમાં ગ માર્ગના પ્રોજેકટનુ કામ પુર્ણતાના આરે છે. શહેરના મુખ્ય ઘ, ચ અને ખ માર્ગ સહીતના તમામ માર્ગ સિકસલેન છે.

જયારે ગ માર્ગનુ પણ આગામી એક મહીનામાં કામ પુર્ણ કરી દેવાશે જેના અંતે ગ માર્ગ પર લાંબા સમયથી જોખમમાં મુકાયેલી માર્ગ સલામતીનો પ્રશ્ન પણ હલ થશે. શહેરમાં અનેકવિધ વિકાસ કામોના અંતે હરિયાળીનો સોથ વળે છે. શહેરના માર્ગો અને બિલ્ડીંગો બાંધવાની કામગીરી દરમિયાન સેંકડો વૃક્ષોની કટોતી થઈ છે. જેના લીધે પ્રકૃતિ પ્રેમીઓમાં પણ રોષ પ્રવર્તયો છે. શહેરના આ ત્રણેય માર્ગની કામગીરીને અનુલક્ષીને પણ અંદાજિત ૨૩૦ જેટલા વૃક્ષોની કટોતી કરવી પડે તેમ છે. જો કે તંત્રની આ દરખાસ્ત સંદર્ભે વન વિભાગે હજુ સુધી મંજુરી આપી નથી. આવા સંજોગોમાં ગ માર્ગ પર વાઈડનીંગની કામગીરીના અંતે કેટલાક ઠેકાણે તોતિંગ વૃક્ષો માર્ગ વચાળે હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

જેના લીધે માર્ગ સલામતી સામે પણ જોખમ મંડરાયુ છે. હાલ આ વૃક્ષોની કટોતી કર્યા વિના જ ડામર કામ કરવામાં આવી રહ્યુ છે. એકબાજુ આ પ્રોજેકટનુ કામ લાંબા સમયના અંતે હાથ ધરવામાં આવ્યુ છે. બાકી કામ પુર્ણ કરવા માટે હવે કોર્પોરેશનના તંત્ર દ્વારા પણ બુલડોઝર દોડતા કરાયા છે. જો કે હજુ આ કામગીરી પુર્ણ થતા એક મહીનાનો સમય લાગે તેમ છે. વાઈડનીંગની સાથે મુખ્યમાર્ગ પર પણ ડામરના લેયરનુ કામ હાથ ધરવામાં આવશે. જેના અંતે રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરવામાં આવશે. ત્યારે નગરના ગ માર્ગને અનુલક્ષી વૃક્ષોને ઘણાં સમયથી ટ્રીમીંગ પણ કરવામા આવ્યુ નથી. જેના લીધે હાલ પણ નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓ વાહનચાલકા માટે અડચણરૂપ બની છે.

ભાજપે શહેર અને જિલ્લામાં જોરશોરથી પ્રચાર કાર્યનો પ્રારંભ કર્યો છે. ભાજપના મહિલા કાર્યકર્તાઓ શહેરી બસસ્ટેન્ડ પહોંચી હતી. તેઓએ અહીં ભાજપના વિકાસકાર્યો સંદર્ભે મુસાફરો પાસેથી મંતવ્યો મેળવ્યા હતા અને ચૂંટણી સંદર્ભે વાર્તાલાપ કર્યો હતો.

શહેરમાં શિયાળાની મોસમ હજુ જામી નથી

ઠંડી ગરમીની બેવડી ઋતુથી નગરજનો પ્રભાવિત મહત્તમ તાપમાન એક ડીગ્રી નીચે ઉતર્યુ : લઘુત્તમ તાપમાન ૧૭ ડીગ્રીએ : ચુંટણી ચકરાવો વચ્ચે રાજકીય ગરમાવાનો માહોલ ઠંડીની મોસમ પણ નજીકના દિવસોમાં જ ઉગ્ર બનશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી મોસમનો મિજાજ વિચિત્ર જોવા મળે છે. ઠંડી ગરમીના પારાની સતત ચઢ ઉતર વચ્ચે નગરજનો બેવડી ઋતુનો અહેસાસ કરી રહ્યા છે છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાનમાં રોજબરાજે ગિરાવટ જોવા મળી રહી છે. ગઈકાલની સાપેક્ષમાં આજે મહત્તમ તાપમાનમાં એક ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૭ ડીગ્રીએ રહ્યુ હતુ જો કે નગરમાં હજુ ઠંડીની મોસમ જામી નથી ત્યારે ચુંટણી ચકરાવો વચ્ચે રાજકીય ગરમાવાના માહોલમાં નજીકના દિવસોમાં મોસમનો મિજાજ પણ બદલાશે ગાંધીનગરમાં ચુંટણી ચકરાવો વચ્ચે રાજકીય ગરમાવાના માહોલ જોવા મળે છે. જયારે વિચિત્ર મોસમની અસરથી જનજીવન પણ પ્રભાવિત છે. છેલ્લા કેટલાક સમયથી ઠંડી ગરમીની અસર વચ્ચે નગરજનો ડબલ સિઝનનોએસ અહેસાસ કરી રહ્યા છે. છેલ્લા ચાર પાંચ દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળે છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૮ ડીગ્રીએ રહ્યુ હતુ જેના લીધે નગરજનો બપોરના સમયે ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી હતી જયારે સાંજ ઢળતા પણ શિયાળાનો એહસાસ થતો ન હતો. જયારે સતત બે દિવસના અંતે ઠંડીનો પારો બે ડીગ્રી ઉંચકાતા મહત્તમ તાપમાનમાં પણ ૩ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો છે. જયારે આજે મહત્તમ તાપમાન ઘટીને ૩૩ ડીગ્રીએ આવી ગયુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૭ ડીગ્રીએ રહેત નગરજનો ઠંડી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. જો કે હજુ ગરમ કપડા પહેરવા પડે તેવી ઠંડી અનુભવાતી નથી છેલ્લા ઘણાં સમયથી દિવસ દરમિયાન ગરમીની અસર વર્તાઈ રહી છે. હવામાન તજજ્ઞોના મતે આગામી દિવસોમાં ઠંડીની મોસમ જામશે જયારે હાલના દિવસોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ડબલ તફાવત નોંધાય છે. જેના લીધે હજુ શિયાળાની મોસમ જામી નથી શહેરમાં ચુંટણી જાહેર થતા રાજકીય ગરમાવાનો માહોલ જોવા મળે છે. ત્યારે આગામી દિવસોમાં ઠંડીની મોસમનો મિજાજ પણ વધુ ઉગ્ર બનશે તેમ મનાઈ રહ્યુ છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સવારે વધીને ૭૮ ટકા નોંધાયુ છે નગરમાં શિયાળાની મોસમે હજુ જમાવટ કરી નથી ત્યારે બીજીતરફ શહેરના શોપિંગ બજારમાં ગરમ કપડાનુ વેચાણ પણ વધ્યુ છે.

શહેરના સેન્ટ્રલ વર્જ ની સુંદરતા નિખારવા નવતર આયોજન

વાર્ષિક રૂા.૧૦ લાખના નજીવા ખર્ચે ગાંધીનગરથી કોબા માર્ગ વચ્ચે હરિયાળી નિખારવામાં આવશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટ ટાણે નગરને હરિયાળુ બનાવવા લાખ્ખો રૂપિયાનો ખર્ચવામાં આવે છે. નગરના માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જ ની હરિયાળી નિખરે અને કાયમી ધોરણે જળવાય રહે તેના માટે રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા મહત્વના માર્ગો પરની સેન્ટ્રલ વર્જ ડેવલપ કરીને તેની જાળવણી કરવાની કામગીરીનું ખાનગીકરણ કરી દેવામાં આવ્યું છે. રૂપિયા ૧૧ લાખનો વાર્ષિક ખર્ચ કરવામાં આવશે શહેરના માર્ગો વચાળે સેન્ટ્રલ વર્જ માં રોપાઓ વારંવાર શુકાઈ જાય છે જયારે બળી ગયેલા અને કરમાઈ ગયેલા વૃક્ષ, ફૂલઝાડના કારણે ઠૂંઠા ઉભા રહેવાથી તે વધુ ખરાબ દેખાતા હોય છે. જયારે હરિયાળી અને સુંદરતા નિખારવાની આ કામગીરી વાર્ષિક કોન્ટ્રાક્ટના ધોરણે સોંપી દેવાથી રોપેલા વૃક્ષો સતત લહેરાતા અને લીલીછમ્મ જોવા મળશે. તેનાથી સ્વાભાવિક રીતે જ પર્યાવરણનો પણ નાનો પરંતુ ફાયદો તો મળી જ રહેશે. આ યોજનામાં વિશેષરૂપે ગાંધીનગર કોબા રોડને ધ્યાનમાં રખાયો છે. ન્યુ ગાંધીનગરના આ વિસ્તારમાં આગામી દિવસોમાં પણ અનેકવિધ પ્રોજેક્ટ સાકાર થવાના છે. ત્યારે વાર તહેવારે હરિયાળીની જાહોજલાલી દેખાય અને બાદમાં ઠેરના ઠેરની સ્થિતિનો અંત લાવી દેવાશે. દરેક વાઈબ્રન્ટ બાદ નગરના માર્ગો પરથી હરિયાળી અલોપ થઈ જવાની વાત નવી રહી નહીં હોવાથી આમ જનતાના મનમાં પણ સરકારી નાણાંના વેડફાટના વિચાર તો આવી જ જતા હોય છે અને જાહેરમાં તેની ચર્ચા પણ સાંભળવા મળતી જ હોય છે.

સુઘડ ગામે કોરોનાનો કેસ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. જિલ્લામાં વેક્સીનેશનને મળી રહેલા નબળા પ્રતિસાદે તંત્રની ચિંતા વધારી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દિપાવલી અને લગ્નસરાની મોસમને પગલે લોકો ટેસ્ટીંગ કરાવવાનું ટાળી રહ્યા છે જયારે શહેરમાં છુટાછવાયા કેસો મળી રહ્યા છે. જો કે ટેસ્ટીંગના પ્રમાણમાં શહેર-જિલ્લામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ પણ ૦.૫૦ ટકા જ છે. કોરોનાના મળી રહેલા દર્દીઓ હળવા લક્ષણો ધરાવતા મળી રહ્યા છે અને તેથી જ હોમ આઈસોલેશનના વિકલ્પને મંજૂરી આપવામાં આવી રહી છે. જિલ્લામાં કોરોનામાં હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે તેમ જ રિકવરી રેટ ૯૭ ટકાને પાર થઈ ગયો હોવાથી તંત્ર પણ રાહતની લાગણી અનુભવી રહેલ છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ પણ લોકલ ટ્રાન્સમિશન થકી જ નોંધાયો હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સુઘડ ગામે આજે ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલામાં આજે શહેરમાં ૪૭ અને ગ્રામ્ય વિસ્તારમાં ૭ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી શકાયા છે. વેક્સિનેશનની નબળી કામગીરીથી તંત્ર ચિંતીત બન્યુ છે.

પ્રકૃતિ જિજ્ઞાસુઓ માટે પક્ષીદર્શન સાથે પર્યાવરણ સંરક્ષણની તાલીમ મેળવવાની તક

ગીર ફાઉન્ડેશન દ્વારા આગામી સળંગ ત્રણ માસ દરમ્યાન બર્ડ્સ, ઇકોલોજી એન્ડ કન્વર્ઝેશન ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર વનરાજી અને આધુનિકતાને સાથે રાખીને વિકસાવાયેલું શહેર છે જયાં પ્રકૃતિપ્રેમી નાગરિકોનો વસવાટ છે જેમને વિવિધ પ્રકારની પ્રકૃતિલક્ષી પ્રવૃતિઓમાં રસ પડે છે. ગાંધીનગરમાં ગીર ફાઉન્ડેશન દ્વારા આગામી ડિસેમ્બર-૨૦૨૨થી ફેબ્રુઆરી-૨૦૨૩ સુધીના ત્રણ માસ દરમ્યાન બર્ડ્સ, ઈકોલોજી એન્ડ કન્વર્ઝેશન ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ કાર્યક્રમમાં પ્રકૃતિ જિજ્ઞાસુઓને પક્ષી દર્શનની સાથે પર્યાવરણ સંરક્ષણ અને પ્રાકૃતિક પરિસ્થિતિઓનું વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે.

ગીર ફાઉન્ડેશન દ્વારા આગામી ડિસેમ્બર-૨૦૨૨, જાન્યુઆરી-૨૦૨૩ અને ફેબ્રુઆરી-૨૦૨૩ એમ સળંગ ત્રણ માસ સુધી પ્રતિ માસના ચાર રવિવાર મળીને એક એવાં કુલ ત્રણ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રત્યેક કાર્યક્રમમાં ભાગ લેવાનો ચાર્જ વ્યક્તિ દીઠ રૂ.૮૦૦ રાખવામાં આવ્યો છે. આ તાલીમ કાર્યક્રમમાં પ્રકૃતિ જિજ્ઞાસુઓને બર્ડ વોચિંગની તાલીમ ઉપરાંત પર્યાવરણ સંરક્ષણ અને પ્રાકૃતિક પરિસ્થિતિઓ અંગે પણ માહિતગાર કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે શિયાળાની ઋતુમાં "ગીર ફાઉન્ડેશન" દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭થી બર્ડ કન્ઝર્વેશન તથા બર્ડ વોચિંગ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ થકી આશરે ૨ હજારથી પણ વધુ પ્રકૃતિ જિજ્ઞાસુઓ તાલીમ અને માર્ગદર્શન મેળવી ચુકયાં છે. આ કાર્યક્રમ દર માસના ચારેય રવિવારના રોજ યોજવામાં આવે છે જેથી રજાના દિવસે વિદ્યાર્થીઓ અને નોકરિયાતો તેનો લાભ લઈ શકે. આ તાલીમ કાર્યક્રમમાં ૬ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્ત ભાગ લઈ શકે છે જેમાં દિવસ દરમિયાન સવારના ૭ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધીની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે જેમાં સાડા દસ વાગ્યા સુધી જિજ્ઞાસુઓને ફિલ્ડ વિઝિટ કરાવાય છે જેમાં આસપાસના પક્ષીઓને ઓળખવાની તાલીમ તેમજ તમના વિષે વિવિધ માહિતી આપવામાં આવે છે. તાલીમ કેમ્પમાં સમગ્ર માર્ગદર્શન તજજ્ઞો દ્વારા પુરુ પાડવામાં આવે છે. તાલીમાર્થીઓને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે પક્ષી દર્શન કરાવવામાં આવે છે તેમજ એક દિવસ પક્ષી દર્શન માટે અન્ય કોઈ જગ્યાએ જેમાં ખાસ કરીને જળપ્લાવિત વિસ્તારની મુલાકાતે પણ લઈ જવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં વિવિધ વેટલેન્ડ ખાતે યાયાવર પક્ષીઓ મોટી સંખ્યામાં આવે છે. તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા પ્રકૃતિ જિજ્ઞાસુઓએ પોતાની પસંદગીની બેચ મુજબ રજીસ્ટ્રેશન કરાવવાનું હોય છે અને ટ્રેનિંગના સમાપને તેમને સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે.

બર્ડ વોચિંગ ટ્રેનિંગ ક્યારે ક્યારે યોજાશે?

ગીર ફાઉન્ડેશન દ્વારા આગામી ડિસેમ્બર-૨૦૨૨થી ફેબ્રુઆરી-૨૦૨૩ સુધીના ત્રણ માસ દરમ્યાન આયોજિત બર્ડ્સ, ઈકોલોજી એન્ડ કન્વર્ઝેશન ટ્રેનિંગ પ્રોગ્રામમાં જોડાવા માંગતા પ્રકૃતિ જિજ્ઞાસુઓ ગીર ફાઉન્ડેશનની વેબ સાઈટ પરથી પણ માહિતી મેળવી શકે છે. આ ટ્રેનિંગ પ્રોગ્રામની પ્રથમ બેચ ડિસેમ્બર માસની તારીખ ૪, ૧૧, ૧૮ અને ૨૫ છે, દ્વિતિય બેચ જાન્યુઆરી માસની તારીખો ૮, ૧૫, ૨૨ અને ૨૯ છે જ્યારે બેચ-૩ ફેબ્રુઆરી માસની તારીખો ૫,૧૨,૧૯ અને ૨૬ છે.

ઈજાગ્રસ્ત વાનરનું રેસ્કયુ કરતાં યુવા સ્વયંસેવકો

ગાંધીનગર, તા.૧૦

બુધવારે કોલવડા ગામે એક વાનર ઈજાગ્રસ્ત સ્થિતિમાં એક ગ્રામજનના ઘરે આવી ગયો હતો. આ વાનરનું રેસક્યુ કરવા માટે શહેરના ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપના સ્વયંસેવકો દ્વારા જહેમત ઉઠાવાઈ હતી પરંતુ દિવસ દરમિયાન તેને પકડવા જતાં તે છાપરા પર ચડી જતો હતો. દિવસ દરમ્યાન આ વાનરને રેસ્કયુ કરવો મુશ્કેલ બનતાં સ્વયંસેવકોએ રાતની રાહ જોઈ હતી અને અંતે તેને ટ્રેપ કરી વિવેક પરમાર તથા તેજસ રાવળ દ્વારા રેસ્કયું કરી વન ચેતના કેન્દ્ર ખાતે સારવાર માટે પહોંચવામાં આવ્યો હતો.

સાયન્સ સિટી ખાતે વિશ્વ વિજ્ઞાન દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ સ્થિત ગુજરાત સાયન્સ સિટી ખાતે તા. ૧૦ નવેમ્બરે "વિશ્વ વિજ્ઞાન દિવસ" નિમિતે સહ અસ્તિત્વ સાથે વિકાસની દિશામાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ઉપયોગ થાય તે ભાવના યુવા પેઢીમાં વિકસાવવા ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વિદ્યાર્થીઓ, સ્નાતકો, અનુસ્નાતકો, શિક્ષકો, નિષ્ણાતો વગેરે જોડાયા હતા.

વિશ્વ વિજ્ઞાન દિવસ પ્રતિવર્ષ ૧૦ નવેમ્બરના રોજ સમાજમાં વિજ્ઞાનના યોગદાનને બિરદાવવા અને વૈશ્વિક પ્રશ્નોના વૈજ્ઞાનિક સમાધાનમાં નાગરિકોની ભાગીદારીને પ્રોત્સાહન આપવા ઉજવવામાં આવે છે. તે રોજિંદા જીવનમાં વિજ્ઞાનના મહત્વને પણ ઉજાગર કરે છે.

આ વર્ષ ની પ્રવર્તમાન થીમ "બેઝીક સાયન્સ ફોર સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ – ટકાઉ વિકાસ માટે મુળભુત વિજ્ઞાન" રાખવામાં આવી હતી. આજની ઉજવણી અંતર્ગત એક્સપર્ટ ટોક, ઈંટરેક્ટિવ સેશન તથા વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને સામુચિક હિતોના અભિગમને વધુ સારી રીતે સસ્મજવવા વિડીયો સ્ક્રિનિંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઈંટરેક્ટિવ સેશનમાં શ્રી સી યુ શાહ કોલેજના બાયોકેમેસ્ટ્રી વિભાગના હેડ પ્રોફેસર ડો. અજીત પંડ્યાએ વિદ્યાર્થીઓને સહઅસ્તિત્વના હિતોને ધ્યામાં રાખીને મૂળભૂત વિજ્ઞાનના ઉપયોગ વિશે જાણકારી આપી હતી તથા સામુચિક હિતો પર ભાર મૂકી વિજ્ઞાન અને ટેક્નોલોજીનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તેના પર ભાર મૂક્યો હતો.

ગુજરાત વિદ્યાપીઠ પરિવારે શોક ઠરાવ રજૂ કરી પૂર્વ કુલપતિ સ્વ. ઈલાબેન ભટ્ટને શ્રદ્ધાંજલિ પાઠવી

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત ગુજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલી પૂર્વ કુલપતિ સ્વ. ઈલાબેન ભટ્ટ ની શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત રહ્યા હતા અને સદગતને શ્રદ્ધાસુમન અર્પિત કર્યા હતા. રાજ્યપાલશ્રીએ સ્વ. ઈલાબેન ભટ્ટ ને શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યુ હતું કે, મહિલા સશક્તિકરણ, યુવાઓમાં કૌશલ્ય અને ગાંધી વિચારોને જનમાનસ સુધી પહોંચાડવાના કર્મયોગને સમર્પિત સ્વ. ઈલાબેન ભટ્ટનું જીવનકવન હંમેશા પ્રેરણાદાયી બની રહેશે. મહાન વ્યકિત જીવનનો માર્ગ સ્વયં કંડારે છે અને અન્ય લોકોને તે માર્ગે પ્રયાણ કરવા પ્રેરિત કરે છે તેમ જણાવી રાજ્યપાલશ્રી એ ઉમેર્યું હતુ કે સ્વ.ઈલાબેન ભટ્ટે મહિલા સશક્તિકરણ ક્ષેત્રે સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત થાય તેવું ઉત્તમ કાર્ય કર્યુ હતું. તેમણે જણાવ્યું હતુ કે જન્મ અને મૃત્યુ વચ્ચેની મનુષ્યની જીવનયાત્રામાં કર્મ જ વ્યક્તિને મહાન બનાવે છે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે સ્વ. ઈલાબેન ભટ્ટના આત્માની પરમ શાંતિ અને પરિવારજનો ઉપર આવી પડેલા દુઃખને સહન કરવાની ઈશ્વર શક્તિ અર્પે એ માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના વ્યકત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સ્વ. ઈલાબેન ભટ્ટના સુપુત્ર શ્રી મિહિરભાઈ ભટ્ટે સ્વ. ઈલાબેનના વિચારો રજૂ કર્યા હતા અને જણાવ્યુ હતું કે સ્વ. ઈલાબેન હંમેશા માનતા હતા કે રચનાત્મક રાષ્ટ્રના નિર્માણ માટે સક્રિય એકતા જરૂરી છે તેમણે જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓના ચહેરા જોઈને નવી ઊર્જા મળે છે તેવું કહેનારા સ્વ. ઈલાબેન ભટ્ટ આજીવન વિદ્યાર્થી બની રહ્યા.

ભારત ટી-૨૦ વર્લ્ડકપમાંથી બહાર ફેંકાતા ક્રિકેટ રસિકો નિરાશ

ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે સેમી ફાઇનલ મેચને પગલે બપોરે શહેરના માર્ગો સુમસાન બન્યાં : નિરાશ ચાહકોએ સોશિયલ મિડીયા પર રોષ વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૦

એક તરફ શહેરમાં ચુંટણીનો માહોલ ચાલી રહ્યોછે અને રાજકિય પક્ષો છેલ્લી ઘડીની તૈયારીઓમાં વ્યસ્ત છે ત્યારે બીજી તરફ આજે બપોરે આઈસીસી ટી-૨૦ મેન્સ વર્લ્ડ કપની ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી સેમી ફાઈનલ ક્રિકેટ મેચના કારણે શહેરમાં જાણે કરફ્યુ લદાયો હોય તેવો માહોલ સર્જાયો હતો અને ભારતીય ટીમના દાવ સમયે પાટનગરના રાજમાર્ગો સુમસામ થઈ ગયા હતા. જોકે આ મહત્વની મેચમાં ભારતની હાર થતાં ક્રિકેટ ચાહકોમાં ભારે નિરાશા ફેલાઈ હતી અને તેમણે સોશિયલ મિડીયા પર ભારતીય ટીમના નબળાં પ્રદર્શન પ્રત્યે રોષ વ્યક્ત કર્યો હતો.

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની સેમી ફાઈનલમાં ભારતનો પ્રથમ દાવ આવતાં આજે બપોરે સમગ્ર શહેરમાં ચહલપહલ ઓછી થઈ જવા પામી હતી અને બજારોમાં પણ પાંખી ઘરાકી વચ્ચે વેપારીઓ કે શો-રૂમોના સ્ટાફની નજર વારંવાર ટીવી કે મોબાઈલ સ્ક્રિન તરફ મંડાયેલી રહી હતી. ભારતની બેટિંગમાં વિરાટ કોહલી અને હાર્દિક પંડ્યાના પ્રદર્શનથી ચાહકોમાં રોમાંચ વધી ગયો હતો. જોકે આ મેચમાં ભારતીય ટીમની બોલિંગ ઈંગ્લેન્ડના બેટ્સમેનો સામે સાવ વામણી પુરવાર થતાં ક્રિકેટ ચાહકોમાં ખૂબ નિરાશા સાથે રોષ વ્યાપ્યો હતો અને ચાહકોએ તેમનો બળાપો સોશિયલ મિડીયા પર વિવિધ કોમેન્ટ્સ અને ચબરાકિયાં ફરતાં કરીને વ્યક્ત કર્યો હતો.